સુવિચાર

નસીબ પર વિશ્વાસ કરીને થાકી ગયા હોય તો, પોતાના પર વિશ્વાસ કરી જોજો, પરીણામ સારૂ જ આવશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-275 ■ DATE : 07-03-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



કાલાવડ રોડ પર વર્ના કાર ચાલક નબીરાએ દંપતિને હડફેટે લઇ થયો ફરાર P-4

# મધ્યપુર્વમાં યુદ્ધના પગલે મોંઘવારી હવે માઝા મુકશે

## ખાદ્ય પદાર્થોથી લઈ ટ્રાન્સપોર્ટેશન મોંઘુ બનશે : ડોલર સામે રૂપિયો ગગડતા તેની અસર પણ માર્કેટમાં દેખાશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત રીતે ઈરાન પર આક્રમણ તથા ગલ્ફના દેશો પણ હવે ઈરાનના આક્રમણનો ભોગ બનવાનું અને તેના કારણે ક્રુડતેલની ગેસના ભાવ વધવા લાગતા તથા પુરવઠાની પણ સર્જાયેલી અનિશ્ચિતતાથી દેશમાં મોંઘવારીનો ગ્રાફ ફરી સડસડાટ ઉંચો જવા લાગશે તે નિશ્ચિત છે.

ખાસ કરીને અગાઉ જ ટેરીફવોરથી ડોલર સામે રૂપિયો નબળો પડશે. ૯૦ની સપાટી વટાવીથી હવે ભારતની નિકાસ પર પણ દબાણ છે અને આયાત વધુ મોંઘી બનશે. આંતરરાષ્ટ્રીય રેટીંગ એજન્સી મુડીસના જણાવ્યા મુજબ ક્રુડતેલ તથા ગેસની ભારતની આયાત પર જ નિર્ભરતાથી જોખમ વધ્યુ છે.

ખાસ કરીને ભારતની આયાતમાં હાલ વોર-ઝોન બનેલા મધ્યપુર્વનો ફાળો ૪૬% છે. જયાંથી લગભગ સપ્લાય ઠપ્પ થશે અને જો આ યુદ્ધ લાંબુ ચાલે (અને તેની શકયતા વધુ છે) તો ભારતમાં અત્યાર સુધી જે રાહત- નીચા ફુગાવા- વધતા વૃધ્ધિદરની સ્થિતિ બની હતી તે રીવર્સ ગીયરમાં જશે અને તેથી ફુગાવો વધવાનું જે જોખમ છે તે મોંઘવારીનો નવો અને આક્રમક રાઉન્ડ લાવશે.

હોર્મુઝના જળમાર્ગ ફકત ભારતની આયાત નહી નિકાસ માટે મહત્વના છે. ગલ્ફના દેશોમાં ભારત ચોખાની, ફળો, શાકભાજી, સી-ફુડ તથા અન્ય મોટી નિકાસ કરે છે તેને પણ અસર થશે. નિકાસ ઘટવાથી આયાત વધવાથી રૂપિયો ગગડશે. પેટ્રોલિયમ ભાવો વધવાથી ટ્રાન્સપોર્ટેશન ઉત્પાદન તમામ ખર્ચ વધશે જે એકંદરે ભાવવધારો લાવશે.

મધ્ય પૂર્વમાં ભડકેલા યુધ્ધને કારણે ભારત સહિત વૈશ્વિક દેશોમાં ક્રૂડ-ગેસની કટોકટી સર્જાવાના ભણકારા વાગવા માંડ્યા છે. વિશ્વબજારમાં મોડી રાત્રે ક્રૂડતેલ સળગ્યું હતું અને ટુંકાગાળામાં જ ૧૦૦ ડોલરને આંબી જવાની આગાહી કરવામાં આવી છે. કતારે તો ક્રૂડનો ભાવ ૧૫૦ ડોલર સુધી જવાની ચેતવણી આપી છે.

વિશ્વ બજારમાં મોડી રાત્રે ક્રૂડતેલના ભાવમાં ભડકો થયો હતો. ડબલ્યૂટીઆઇ ક્રૂડ અંદાજીત ૧૨ ટકાના ઉછાળાથી ૯૧ ડોલર થયું હતું. એક જ દિવસમાં ૧૦ ડોલરનો ઉછાળો નોંધાયો હતો. બ્રેન્ટ ક્રૂડ સાડા આઠ ટકાના ઉછાળાથી ૯૨.૬૯ ડોલર હતું જે ઈન્ટ્રા-ડે ૯૪ ડોલર સુધી પહોંચી ગયું હતું. નેચરલ ગેસનો ભાવ ૦.૦૯ ટકાના વધારાથી ૩.૧૮૬ ડોલર થયો હતો.

# યુદ્ધની આગ રસોડા સુધી પહોંચી : રાંધણ ગેસના ભાવમાં રૂ.૬૦નો વધારો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતમાં લોકો પર મોંઘવારીનો માર પડવાની શરુઆત થઈ છે. કારણ કે ભારતમાં ઘરેલુ ગેલ સિલિન્ડરના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. નવા ભાવ ૭ માર્ચ ૨૦૨૬ થી લાગુ ગણાશે. સૂત્રોના જણાવ્યાનુસાર ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરના ભાવમાં ૬૦ રુપિયાનો વધારો થયો છે અને ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૧૫ રુપિયાનો વધારો થયો છો. આ ભાવ વધારા પછી દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના નવા ભાવ ૯૧૩ રુપિયા અને ૧૮૮૩ રુપિયા થઈ છે.

મિડલ ઈસ્ટ (પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે ભારતીય ગૃહિણીઓના રસોડા સુધી પહોંચી ગઈ છે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનએ રાંધણ ગેસના ભાવમાં મોટો વધારો ઝીંક્યો છે, જેનાથી સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે.

મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે ઓઈલ કંપનીઓએ ૧૪.૨ કિલોના ઘરેલું ગેસ સિલિન્ડરમાં ૬૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે જ હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં પણ ૧૧૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ ૦૭ માર્ચ ૨૦૨૬થી જ અમલી બની ગયા છે. ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૨૫ પછી ઘરેલું સિલિન્ડરના ભાવમાં આ પ્રથમ વધારો છે.

ગેસ સિલિન્ડરના ભાવમાં અનુક્રમે ૬૦ અને ૧૧૫ રુપિયાના વધારા પછી ગેસ સિલિન્ડરની લેટેસ્ટ પ્રાઈઝ પર નજર કરીએ તો ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં ૬૦ રુપિયાના વધારા પછી દિલ્હીમાં ગેસ સિલિન્ડરના ભાવ ૯૧૩ રુપિયા, કલકત્તામાં ૯૩૯ રુપિયા, ચેન્નઈમાં ૯૨૮.૫૦ રુપિયા થયા છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૩,૭૦૦ | ₹૨,૮૫,૦૦૦ |
| | +૨૫૨૦ | ૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૯૩ | ₹૧૨૩.૨૮ |

# આવતીકાલે અમદાવાદમાં ટી-૨૦ વિશ્વ કપની રોમાંચક ફાઈનલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારત અને ન્યુઝીલેન્ડની ટીમો વચ્ચે આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડીયમ, અમદાવાદ ખાતે ટી-૨૦ વિશ્વ કપ-૨૦૨૬ની રોમાંચક ફાઈનલનો જંગ ખેલાશે. પ્રથમ સેમી ફાઈનલમાં ન્યુઝીલેન્ડે દ.આફ્રિકા સામે ૯ વિકેટે અને બીજી સેમીફાઈનલમાં ભારતે ઈંગ્લેન્ડને ૭ રને પરાજીત કરીને ફાઈનલ 'ટચ' કરી છે.

ન્યુઝીલેન્ડની ટીમે ભારતને ભૂતકાળમાં મહત્વની મેચોમાં પરાજીત કર્યુ છે. ભારત માટે જોકે ન્યુઝીલેન્ડ કોઇ પડકાર ઉભો કરે તેવી પરિસ્થિતિ જ નથી, કારણ કે ભારતીય ટીમે આ વિશ્વ કપમાં જેટલી મેચો રમી છે તેમાં એકાદ બેટધરે હરીફ ટીમને ચોકકસપણે હંફાવી છે સેમી ફાઈનલમાં ભારતીય ફિલ્ડીંગ ખરા અર્થમાં સુપર્બ રહી હતી તેમાંય સેમ કરનનો બાઉન્ડ્રી પરનો કેચ અક્ષર અને દુબેએ ઝડપીને આઉટ કર્યો હતો. તો હાર્દિક પંડયાએ પરફેકટ




થ્રો કરીને સદી વીરને પેવેલીનનો રસ્તો દેખાડી દીધો હતો.

હવે જયારે ભારતનો મુકાબલો કિવીઝ સામે છે. ત્યારે થોડી સાવધાની જરૂરી બની રહે છે. માત્ર એક મેચ ભારતનો કુલ ત્રીજી વખત ટી-૨૦નો ખિતાબ અપાવી શકે તેમ છે. આમેય ભારત, વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડે કુલ ૨-૨ વખત ટી-૨૦ વિશ્વ કપ જીત્યા છે. ન્યુઝીલેન્ડનાં ઓપન ફિન એલને દ.આફ્રિકા સામે ટી-૨૦ વિશ્વ કપનાં પ્રથમ સેમી ફાઈનલમાં માત્ર ૩૩ દડામાં સદી નોંધાવી હતી જે ઈતિહાસની સૌથી ઝડપી સદી બની હતી.

# યુદ્ધની અસરથી કંડલા પોર્ટ પર ૧૫૦૦૦ નિકાસ માટેના કટેનર ફસાયા

## પશ્ચિમ એશિયામાં નિકાસ માટેના ચોખા સહિતનો જથ્થો અટવાઈ ગયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઇઝરાયેલ -અમેરિકા દ્વારા ઈરાન ઉપર કરાવેલા આક્રમણ અને ઇરાન દ્વારા ઈઝરાયેલ સહિત અખાતી દેશો ઉપર કરાયેલા વળતા પહારના પગલે ભારતની આયાત નિકાસને ભારે અસર પડી છે. દેશના આગવી પોર્ટ તરીકે ગણાતા કંડલા પોર્ટ ઉપર જ નિકાસ માટેના ૧૫૦૦૦ કંટેનરો હાલમાં અટવાઈ જવા પામ્યા છે.શિપિગ કંપનીઓ દ્વારા અખાતી યુષ્યની સ્થિતિના કારણે વહાણોની અવરજવર પર નિયમન મુકી દેવામાં આવતા હાલમાં પરિસ્થિતિ વિકટ બની છે. બીજી તરફ શિપિગ કંપનીઓ દ્વારા ઈન્સ્યોરન્સની રકમ પણ વધારી દેવામાં આવી છે. આસ્થિતિમાં માત્ર ગુજરાતમાંથી જ નહિ પણ ઉત્તર ભારતમાંથી કંડલા પોર્ટ દ્વારા થતી નિકાસ ને ભારે અસર પડી રહી હોવાનું કોર્પોરેટ સૂત્રોએ જણાવ્યું છે.

કંડલા પોર્ટ ઉપર જ અંદાજે ૦,૦૧૫ મિલિયન TELUX એટલે કે અંદાજે ૧૫૦૦૦ વીસ ફૂટ સમકળ કંટેનરો હાલમાં નિકાસ થયા વિના પડી રહ્યા છે. કેઆઈસીટીપીએલ ઉપર એક્સપોર્ટ ગેટ ખાતે કામચલાઉ રીતે કેટેનર વેસલ્સ ઉપર નિયમન આવી ગયા છે. નિકાસના કંટેનરો, ચોખાના શિપમેન્ટ, એલપીજી આવાત અને બલ્ક કાર્ગો જેવા કે સલ્ફર અને જીપ્સમની હેરફેર લગભગ અટકી જવા પામી છે. ભારતના બે મુખ્ય બંદર દીનદયાલ પોર્ટ (કંડલા પોર્ટ) અને મહારાષ્ટ્રના જવાહર લાલ નહેર પોર્ટ ઉપર અખાતી યુધ્ધની ભારે અસર પડી છે. આ બંને મહત્વના પોર્ટ ખાતે આયાત નિકાસ લગભગ થંભી જવા પામી હોવાનું મનાય છે. પોર્ટના ટર્મિનલો ખાતે જ હજારો કંટેનરો અટવાઈ જવા પામ્યા છે. મધ્ય-પૂર્વના દેશોમાં જ નિકાસ માટેના કંટેનરો વહાણોમાં મુકી શકાતા નથી. શિપિંગ કંપનીઓ દ્વારા અખાતી વિસ્તારોમાં જવા માટે કોઈ જ જોખમ લેવામાં આવતું નથી. જેના પગલે આ સ્થિતિ સર્જાઇ છે. દીન દયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા કંપનીઓ માટેની નોટિસમાં જણાવાયું છેકે, હાલની સ્થિતિમાં મેરીટાઈમ ઓપરેશનને અસર થઈ રહી છે. વેસલ્સ અને કાર્ગોની હેરફેરને અસર થઇ રહી છે. જહાજ રવાનગીમાં મોકૂફી, ઓપરેશનમાં વિલંભ અને ગેટ એક્ટિવિટીમાં સસ્પેન્સનના પગલે લોજિસ્ટિક સેવાઓને પણ અસર પડી રહી છે.


અખાતી દેશોમાંથી બલ્ક કાર્ગો શિપમેન્ટને પણ અસર પડી છે. આ દેશોમાંથી ખાસ કરીને ઔદ્યોગિક કાવ્યો માળ, ૩ લાખ ટન સક્કર, જિપ્સમ અને આયર્ન ઓરની વર્તમાન માર્ચ માસમાં આવાતની ગણતરી હતી તેમાં હવે વિલંબ થશે. ભારત માટે વેપારનો મહત્વનો રૂટ અખાની શિપિગ કોરિડોર ગણાય છે. જે રૂટ દ્વારા ભારત માટે ઓઈલ, એલએનજીનો જીલ્લો અને અને બ બલ્ક કાર્ગો આવના હોય છે. બીજી તરફ આ રૂટ દ્વારા ભારતમાંથી અનાજ, કેમિકલ અને એન્જિનિયરિગ માલસામાન પણ નિકાસ ચનો હોય છે.

# યુદ્ધને લઈને જામનગરના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સનું સઘન પેટ્રોલિંગઃ હાઈ-એલર્ટ જાહેર

**મુખ્ય સમાચાર, જામનગર**

મિડલ ઈસ્ટમાં પ્રવર્તી રહેલી યુદ્ધની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતની દરિયાઈ સીમાઓ પર તકેદારી વધારી દેવામાં આવી છે. જામનગર જિલ્લા સહિતના સંવેદનશીલ સાગર કિનારાના વિસ્તારોમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થા અત્યંત સુદ્રઢ બનાવવામાં આવી છે.

શાંતિના સમયમાં લેવાયેલી તકેદારી ભવિષ્યના સંકટોને ટાળવા માટે અમોઘ શસ્ત્ર સાબિત થાય છે, તેવા ઉદ્દેશ્ય સાથે મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો દ્વારા જામનગરના દરિયાકાંઠે સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. કમાન્ડો દ્વારા નવા-જૂના બેડી બંદર, રોજીબંદર, માધાપર અને જોડિયા ભુંગા જેવા વિસ્તારોમાં પગપાળા



પેટ્રોલિંગ કરી તપાસ કરવામાં આવી રહી છે. દરિયાની અંદર શંકાસ્પદ બોટ અને વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવા માટે સતત બોટ પેટ્રોલિંગ ચાલી રહ્યું છે. એરફોર્સની દરિયાઈ રેન્જ, ખારા બેરાજા અને સંભવિત 'લેન્ડિંગ પોઈન્ટ્સ' પર ખાસ વોચ રાખવામાં આવી રહી છે.

આ સમગ્ર સુરક્ષા ઓપરેશન એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના એડિશનલ ડીજીપી અમિતકુમાર વિશ્વકર્મા, મરીન ટાસ્ક ફોર્સના આઈ.જી. પી. એલ. માલ અને હજીરાના એચ.ડી. એસ. જે. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવી રહ્યું છે. જામનગર સેક્ટરના પી.આઈ. ડી.આર. યાદવ અને તેમની કમાન્ડો ટીમે દરિયાકાંઠાની અવાવરું જગ્યાઓનું પણ ઝીણવટભર્યું ચેકિંગ કર્યું છે.

મરીન ટાસ્ક ફોર્સના જણાવ્યા અનુસાર, કોઈપણ કટોકટીના સમયે મુશ્કેલી ન પડે તે માટે સામાન્ય સ્થિતિ દરમિયાન કરવામાં આવતી આ કવાયત સૌથી વધુ અસરકારક સાબિત થાય છે. ફિશિંગ સેન્ટરો પર માછીમારોની પૂછપરછ અને શંકાસ્પદ જહાજોની તપાસ દ્વારા દરિયાઈ સુરક્ષા કવચને અભેદ્ય બનાવવાનો પ્રયાસ કરાયો છે.

# ઈરાને જેરૂસલામ - દુબઈ એરપોર્ટ - સાઉદીની શાયબા રીફાઈનરી પર મિસાઈલ હુમલા કર્યા

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકાએ ઈઝરાયેલના આક્રમણનો મુકાબલો કરી રહેલા ઈરાન પણ આકરો જવાબ આપી રહ્યું છે અને ઈઝરાયેલના જેરૂ સલામમાં ઈરાને દાગેલા મિસાઈલના જબરા વિસ્ફોટ સાંભળવામાં આવી રહ્યુ છે તો બીજી તરફ ઈરાને દુબઈ તથા સાઉદી અરેબીયામાં પણ તેના આક્રમણને તેજ બનાવ્યુ છે.

દુબઈમાં બે વિસ્ફોટ સંભળાયા છે. તહેરાન પાસે પણ મિસાઈલ હુમલો થયો છે. ખાસ કરીને દુબઈના વિમાની મથક પાસે જ એક મિસાઈલ હુમલો થયો છે અને ઈરાન દુબઈ તથા યુએઈના ઈન્ફાસ્ટ્રકચર પુલોને ભારે નિશાન બનાવ્યુ છે.

સાઉદી અરેબીયાના શાયબા તેલ રિફાઈનરી પણ નિશાન બન્યા છે. સાઉદી અરેબીયાએ દાવો કર્યો છે કે



તેણે અનેક ઈરાની ડ્રોનને તોડી પાડયા છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે અમેરિકન વિમાની વાહક જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન પર પણ ડ્રોન હુમલો કર્યો હોવાનું અને આ યુદ્ધ જહાજને ભારે નુકશાન કર્યુ હોવાનું ઈરાને જણાવ્યું છે તો ઉતરી ઈઝરાયેલ પણ તેના ટાર્ગેટમાં આવ્યુ છે.

# ઈન્દ્રનીલ રાજ્યગુરુની રાજકીય નિવૃતિ, કોર્પોરેશન ચૂંટણી પહેલા કોંગ્રેસને ઝટકો



રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પાર્ટી દ્વારા હાલ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેની વચ્ચે જ રાજકોટ કોંગ્રેસના કદાવર નેતા અને પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુએ રાજકીય નિવૃતિની જાહેરાત કરતા આશ્ચર્ય સર્જાયું છે. ઈન્દ્રનીલ રાજ્યગુરુ થોડા સમય પહેલા કોંગ્રેસ છોડી આપમાં ગયા હતા અને ફરી ત્યાંથી કોંગ્રેસમાં પરત ફર્યા હતા. ઈન્દ્રનીલ રાજ્યગુરુ ૮ વર્ષ પહેલા રાજકોટની પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી તેઓ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે ચૂંટણી લડ્યા હતા. ઈન્દ્રનીલ રાજ્યગુરુએ જણાવ્યું હતુ કે, સામાજિક પ્રસંગોમાં પણ નહિ અને રાજકીય પ્રસંગોમાં પણ હાજરી નહિ આપે. કોંગ્રેસ પક્ષને માનસિક કે આર્થિક મદદ જરૂર હશે ગમે ત્યારે તો કરીશ પરંતુ કોઈ જગ્યાએ મારી હાજરી કાર્યક્રમોમાં જોવા નહિ મળે.


# સુરતમાં સ્વામિનારાયણ મંદિરમાંથી બે વિદ્યાર્થિનીઓના મૃતદેહ મળી આવતા ખળભળાટ

## ChatGPT પર સર્ચ કર્યું હતું, 'How to commit suicide'

**મુખ્ય સમાચાર, સુરત**

સુરત શહેરના સણીયા ગામ સ્થિત આત્મીય સંસ્કારધામ સ્વામિનારાયણ મંદિરમાંથી બે આશાસ્પદ વિદ્યાર્થિનીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. ૧૮ વર્ષીય રોશની શરદ શિરસાઠ અને ૨૦ વર્ષીય જોશના ચૌધરી નામની આ બે બહેનપણીઓ રહસ્યમય સંજોગોમાં આત્મઘાતી પગલું ભરીને પોતાનું જીવન ટૂંકાવ્યું છે.

આ અંગે વિગતે વાત કરીએ તો, ડીંડોલી વિસ્તારમાં રહેતી અને



ઉધનાની સિટીઝન કોલેજમાં અભ્યાસ કરતી આ બંને યુવતીઓ શુક્રવારે સવારે ૭ વાગ્યે રાબેતા મુજબ કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીમાં પરત ન ફરતા અને વારંવાર ફોન કરવા છતાં કોઈ જવાબ ન મળતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. આખરે ૩ વાગ્યે ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને લોકેશન ટ્રેસ કરતા તેમનું છેલ્લું લોકેશન સણીયા ગામના સ્વામિનારાયણ મંદિર પાસે મળ્યું હતું. પરિવારજનો જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે તેમને યુવતીઓની ગાડી મંદિર પરિસરમાં મળી આવી હતી. તપાસ દરમિયાન એક બાથરૂમની લાઈટ ચાલુ હોવાથી શંકા ગઈ હતી. અંદરથી બંધ દરવાજો તોડતા જ બંને યુવતીઓ ત્યાં બેભાન હાલતમાં મળી આવી હતી. હોસ્પિટલ લઈ જતા તબીબોએ તેમને મૃત જાહેર કરી હતી.

પોલીસ તપાસ અને CCTV ફૂટેજમાં જાણવા મળ્યું છે કે બંને યુવતીઓ સવારે સવા સાત વાગ્યાની આસપાસ મંદિરમાં પ્રવેશી હતી અને સાડા સાત વાગ્યે બાથરૂમ તરફ ગઈ હતી. સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે આત્મહત્યા કરતા પહેલા બંનેએ ChatGPT પર 'How to commit suicide' (આત્મહત્યા કેવી રીતે કરવી) એવું સર્ચ કર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ઘટનાસ્થળેથી પોલીસને ઈન્જેક્શન અને દવાની ત્રણ બોટલો તેમજ ઝેરના પડીકા મળી આવ્યા છે. આ પુરાવાઓ સૂચવે છે કે યુવતીઓએ કોઈ ઝેરી દવાના ઓવરડોઝથી જીવન ટૂંકાવ્યું હોઈ શકે છે.

# અમેરિકાની ઈરાનના મિસાઈલ સીટી તથા અણુ મથકો પર બોમ્બવર્ષા

**મુખ્ય સમાચાર, તેલઅવીવ**

ઈરાન પરના આક્રમણને હવે અત્યંત ભીષણ કક્ષામાં લઈ જતા ઈઝરાયેલે તેના યુદ્ધ વિમાનોની કતાર ઈરાનના મહત્વના સૈન્ય મથકો પર ઉડતી કરીને મોટા હુમલા ચાલુ કર્યા છે તો અમેરિકાએ પણ હવે તેના ત્રીજા યુદ્ધ જહાજને ઈરાન ભણી રવાના કરીને અત્યંત આક્રમક ઈરાદ જાહેર કરી દીધદા છે. યુદ્ધ વધુ દિવસ આપવાનું મંજુર નથી તેમાં અમેરિકા-ઈઝરાયેલના વ્યુહને હવે અસરકારક રીતે અમલી બનાવ્યા છે.

ઈઝરાયેલ એ ઈરાનના સૌથી તાકાતવાર ગણાતા મિસાઈલ શહેર જયાં ભુગર્ભમાં ઈરાને મોટી સંખ્યામાં ઘાતક મિસાઈલનો સંગ્રહ કર્યો છે તેને



નિશાન બનાવતા ૫૦ જેટલા ઈઝરાયેલ યુદ્ધ વિમાનોએ દક્ષિણ ઈરાનના શિરાજ શહેર તથા તેના આસપાસના ક્ષેત્ર પર ભીષણ બોમ્બવર્ષા કરીને આ ભુગર્ભ મિસાઈલ પત્રકારોનો ખાત્મો કર્યો અથવા મોટું નુકશાન કર્યુ હોવાનું બહાર આવ્યું છે તો ઈરાનના વરીયનમાં પણ આવેલા અણુમથકને નિશાન બનાવ્યું હતું.

યુદ્ધના આઠમાં દિવસે હવે અમેરિકી ઈઝરાયેલના અધિકારીઓએ દાવો કર્યો છે કે ઈરાન તરફથી દાગવામાં આવેલ મિસાઈલ ડ્રોનની સંખ્યા ઘટી રહી છે. જેથી ઈરાનની આક્રમકતા ઘટી હોવાનો દાવો થયો છે. બીજી તરફ અમેરિકાએ તેના વધુ એક યુદ્ધ જહાજને ઈરાન ભણી રવાના કર્યા છે.

અમેરિકાએ તેના બે મુખ્ય જહાજ યુએસએસ અબ્રાહમ લીંકન તથા યુએસએસ ગેરાલ્ડ ફોર્ડને હાલ ઈરાન સામે યુદ્ધમાં જોડયા છે જેના પરથી મિસાઈલ દાગવામાં આવી રહી છે તથા જહાજ પરના લડાયક વિમાનો હુમલામાં સામેલ છે તો બીજી તરફ અમેરિકાએ ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો બોમ્બમારો કર્યો હોવાનું જારી કર્યુ છે. ખાસ કરીને ઈરાનની મિસાઈલ ક્ષમતાને તોડી પાડવામાં આવી રહ્યું છે તથા ખાસ કરીને તહેરાનને નિશાન બનાવાઈ રહ્યું છે તો અમેરિકાનું ત્રીજુ યુદ્ધ જહાજ યુએસએસ જયોર્જ એચ.ડબલ્યુ બુશ ને પણ મધ્યપુર્વ ભણી રવાના કર્યુ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં રિલીફ રોડના સર્વાંગી વિકાસ માટે રૂ.૬.૬૮ કરોડનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરને આધુનિક, સુવ્યવસ્થિત અને નાગરિકમિત્ર શહેરી માળખું પ્રદાન કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા રિલીફ રોડના સર્વાંગી વિકાસ અને બ્યુટીફીકેશન માટે એક મહત્વાકાંક્ષી શહેરી વિકાસ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. શહેરના મુખ્ય માર્ગોમાં ગણાતા રિલીફ રોડને આધુનિક અર્બન ડિઝાઇનના ધોરણો અનુસાર વિકસાવી તેને માત્ર વાહનવ્યવહાર માટેનો માર્ગ ન રાખી એક લોકકેન્દ્રિત, હરિયાળું અને જીવંત શહેરી જાહેર સ્થાન તરીકે વિકસાવવાનો આયોજન કરવામાં આવ્યું છે.

આશરે ૮૫૦ મીટર લંબાઈ અને ૨૨ મીટર પહોળાઈ ધરાવતા આ મુખ્ય માર્ગના વિકાસ માટે અંદાજે રૂ. ૬.૬૮ કરોડના ખર્ચે આધુનિકીકરણ તથા સૌંદર્યવર્ધન કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા શહેરના શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઓળખ મળશે તેમજ નાગરિકોને વધુ સુવિધાસભર અને આકર્ષક જાહેર સ્થળો ઉપલબ્ધ થશે. પ્રોજેક્ટની અનોખી વિશેષતા રૂપે માર્ગના મધ્યભાગમાં આશરે ૧૦ મીટર પહોળો ડિઝાઇન કરાયેલ મિડિયન સ્પેસ વિકસાવવામાં આવશે. આ મિડિયન માત્ર ટ્રાફિક વિભાજન પૂરતું મર્યાદિત ન રહી એક બહુપયોગી અર્બન સ્પેસ તરીકે વિકસાવવામાં આવશે, જેમાં પોકેટ ગાર્ડન, પાર્કિંગ સુવિધા તેમજ વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ફેસ્ટિવ એરિયા વિકસાવવામાં આવશે. જેના પરિણામે આ વિસ્તાર શહેરના નાગરિકો માટે એક આકર્ષક મિલનસ્થળ તરીકે પણ વિકસિત થશે. આ ઉપરાંત પ્રોજેક્ટ અંતર્ગત માર્ગની બંને બાજુ વિશાળ અને સુવિધાસભર ફૂટપાથ, પેવર બ્લોક ફ્લોરિંગ, પ્રીકાસ્ટ કર્બ સ્ટોન, સુવ્યવસ્થિત વૃક્ષારોપણ, ડેકોરેટિવ સ્ટ્રીટ લાઈટિંગ, આધુનિક બેઠક વ્યવસ્થા (સીટિંગ એરિયા), ડસ્ટબિન, દિશાસૂચક સાઈનેજ તથા ઝેબ્રા ક્રોસિંગ જેવી આધુનિક શહેરી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સાથે સાથે વાહન પાર્કિંગ માટે સુવ્યવસ્થિત જગ્યાઓ તથા નાગરિકોને આરામદાયક જાહેર સ્થળો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ વિકાસકાર્ય પૂર્ણ થતાં રિલીફ રોડ માત્ર ટ્રાફિક માટેનો માર્ગ ન રહી નાગરિકમિત્ર, સલામત અને આકર્ષક અર્બન કોરિડોર તરીકે વિકસિત થશે. પગપાળા ચાલનારાઓ માટે સલામત માર્ગ, રાત્રિ દરમિયાન ઉત્તમ પ્રકાશ વ્યવસ્થા, હરિયાળીનો વધારો તથા શહેરના શહેરી સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થશે. રિલીફ રોડનું આ બ્યુટીફીકેશન પ્રોજેક્ટ મોરબી શહેરના આધુનિક અને સ્થિર શહેરી વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે અને નાગરિકો તેમજ મુલાકાતીઓ માટે વધુ સુવિધાસભર, સ્વચ્છ, હરિયાળું અને આકર્ષક શહેરી પર્યાવરણ સર્જશે, તેમ સીવીલ સીટી બ્યુટીફીકેશન શાખા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મોરબીમાં મહિલા આરોગ્ય તપાસ અને જાગૃતિ કેમ્પ



**મુખ્ય સમાચાર, મોરબી**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC4WOMEN અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં મહિલા આરોગ્ય તપાસ અને જાગૃતિ કેમ્પ યોજાયો હતો. જેમાં મહિલાઓને ગર્ભાશય મુખના કેન્સર અને સ્તન કેન્સર અંગે જાગૃતિ સાથે મફત આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC4WOMEN અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે ગઈકાલે તા. ૬ માર્ચ ૨૦૨૬ના રોજ મોરબી શહેરના વિવિધ વિસ્તારોમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે મહિલા આરોગ્ય તપાસ અને જાગૃતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન મોરબી મહાનગરપાલિકા હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબી સ્ટાફ દ્વારા મહિલાઓને ગર્ભાશયના મુખના કેન્સર તેમજ સ્તન કેન્સરના લક્ષણો અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી, જેથી સમયસર નિદાન અને યોગ્ય સારવાર મળી શકે. ઉપરાંત મહિલાઓની હીમોગ્લોબીન, બ્લડપ્રેશર અને બ્લડ સુગરની વિનામૂલ્યે તપાસ કરી જરૂરી સારવાર પણ આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન એનેમિયા, ડાયાબિટીસ અને હાઈપરટેન્શન જેવી બીમારીઓથી બચવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં શહેરની બહોળી સંખ્યામાં મહિલાઓએ ભાગ લઈ સ્વાસ્થ્ય તપાસ કરાવી અને જાગૃતિનો લાભ લીધો હતો.

## ૮ માર્ચ- વિશ્વ મહિલા દિવસ વિશેષ

# મોરબી જીલ્લાના શાસનને સુશાસન બનાવતાં મહિલા અધિકારીઓ




### આરોગ્ય, શિક્ષણ, મહિલા-બાળ વિકાસ, રોજગાર અને વન વિભાગમાં મહિલા અધિકારીઓનું મહત્વનું યોગદાન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ૮ માર્ચ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મોરબી જીલ્લાના વહીવટી તંત્રમાં મહિલાઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. રાજ્ય સરકારની મહિલાઓ, બાળકો અને રોજગાર સંબંધિત અનેક યોજનાઓના અમલીકરણમાં મહિલા અધિકારીઓ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. ચૂંટણી પ્રક્રિયા જેવી લોકશાહી મજબૂત બનાવતી કામગીરીમાં પણ મહિલાઓ આગળ છે. જીલ્લાની સિવિલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ, આયુર્વેદિક સેવા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, રોજગાર વિભાગ અને વન વિભાગમાં કાર્યરત મહિલા અધિકારીઓ માત્ર પોતાની ફરજ જ નહીં પરંતુ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. આ અધિકારીઓએ સંઘર્ષ, મહેનત અને સમર્પણથી સરકારી સેવા સુધી પહોંચીને નવી પેઢી માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### માતા બની મહિલા શક્તિની પ્રેરણા

## "આઠ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થયા પછી માતાએ ત્રણેય બહેનોને એકલા હાથે ઉછેરી ઉચ્ચ શિક્ષણ અપાવ્યું"

**–મયુરી ઉપાધ્યાય, પ્રોગ્રામ ઓફિસર, ICDS મોરબી.**

ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ મોરબી જીલ્લામાં ICDS પ્રોગ્રામ ઓફિસર તરીકે ફરજ બજાવતા મયુરી ઉપાધ્યાયના જીવનમાં બાળપણથી જ સંઘર્ષ રહ્યો હતો. માત્ર આઠ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં તેમની માતાએ ત્રણેય દીકરીઓને એકલા હાથે ઉછેરી શિક્ષિત બનાવી. આજે ત્રણેય બહેનો પોતાના ક્ષેત્રમાં સફળ છે. એક વકીલ, એક ખાનગી કંપનીમાં મેનેજર અને મયુરી ઉપાધ્યાય સરકારી અધિકારી તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે ICDS વિભાગ દ્વારા બાળકો, કિશોરીઓ, ગર્ભવતી અને ધાત્રી માતાઓ માટે અનેક યોજનાઓ અમલમાં છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૭,૧૮૫ બાળકોને પોષણયુક્ત ભોજનનો લાભ મળ્યો છે અને ૩૯,૦૨૦ લાભાર્થીઓને ટેક હોમ રેશન આપવામાં આવ્યું છે. ૨૦૭૪ બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા છે.

સંદેશ "મહિલાઓએ નિર્ધાર કરી લે તો કોઈપણ મુશ્કેલી પાર કરી શકે છે."

### ગિરની દીકરી હવે કરે છે જંગલની સંભાળ

## મોરબી વન વિભાગના ચેર રેન્જમાં મેન્ગ્રુવ સંરક્ષણની જવાબદારી

**–તૃપ્તિ જોષી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર.**

સાસણ ગિર નજીકના આંબલગઢ ગામમાં જન્મેલી તૃપ્તિ જોષી આજે વન વિભાગમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે મહત્વપૂર્ણ ફરજ બજાવી રહ્યા છે. તેઓ હાલ મોરબી જીલ્લાના ચેર રેન્જ વિસ્તારમાં નવલખી દરિયાકાંઠે મેન્ગ્રુવ સંરક્ષણ માટે કાર્યરત છે.

તેમણે જણાવ્યું કે બાળપણથી જ પ્રકૃતિ વચ્ચે ઉછરવાના કારણે વન સંપદાના સંવર્ધન માટે કામ કરવાનો ગર્વ અનુભવાય છે. વર્ષ ૨૦૦૭માં વન વિભાગમાં મહિલાઓની ભરતી શરૂ થયા બાદ તેમણે આ ક્ષેત્ર પસંદ કર્યું.

સંદેશ "પ્રકૃતિનું સંરક્ષણ કરવું દરેકની જવાબદારી છે."

## ફિઝિયોથેરાપિસ્ટથી નાયબ કલેક્ટર સુધીની સફર

### "નહિ માફ નીચું નિશાન" સૂત્રને જીવનમાં ઉતાર્યું

**–ડો. રશ્મિ રાજાવાઢા, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી.**

મોરબી જીલ્લાના નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી ડો. રશ્મિ રાજાવાઢાએ પોતાના કારકિર્દીની શરૂઆત ફિઝિયોથેરાપિસ્ટ તરીકે કરી હતી. બાદમાં મહેનત અને દઢ નિર્ધારથી તેઓ રાજ્ય વહીવટી સેવામાં પ્રવેશ્યા. તેઓ જણાવે છે કે ચૂંટણી પ્રક્રિયા લોકશાહીનું હૃદય છે અને તેને પારદર્શક અને નિષ્પક્ષ રાખવી ખૂબ જવાબદારીભર્યું કાર્ય છે. એસઆઈઆર જેવી કામગીરીમાં પણ તેમણે ટીમ સાથે સફળ કામગીરી કરી છે.

સંદેશ "લક્ષ્ય ઊંચું રાખશો તો સફળતા ચોક્કસ મળશે."

### ડિગ્રી સાથે કૌશલ્ય જરૂરી

## યુવતીઓ માટે રોજગાર અને તાલીમના અવસર

**–મનીષા સાવનિયા, જીલ્લા રોજગાર અધિકારી.**

જીલ્લા રોજગાર અધિકારી મનીષા સાવનિયા જણાવે છે કે આજના સમયમાં માત્ર ડિગ્રી પૂરતી નથી, કૌશલ્ય પણ એટલું જ જરૂરી છે. રોજગાર કચેરી દ્વારા યુવક-યુવતીઓને વિવિધ તાલીમ કાર્યક્રમો અને પ્લેસમેન્ટની તક આપવામાં આવે છે.

તેમણે યુવતીઓને સંદેશ આપ્યો કે શિક્ષણ સાથે કૌશલ્ય વિકસાવવાથી તેઓ આત્મનિર્ભર બની શકે છે.

## મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે સતત પ્રયાસ : સ્વસહાય જૂથો દ્વારા મહિલાઓને સ્વરોજગાર તરફ પ્રોત્સાહન

**–જલ્પા ત્રિવેદી, મહિલા અને બાળ અધિકારી.**

મોરબી જીલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા વિવિધ યોજનાઓ અમલમાં છે. વિભાગના અધિકારી જલ્પા ત્રિવેદી જણાવે છે કે સ્વસહાય જૂથો દ્વારા મહિલાઓને સ્વરોજગાર સાથે જોડવાની કામગીરી સતત કરવામાં આવી રહી છે. આ યોજનાઓના માધ્યમથી ઘણી મહિલાઓ આત્મનિર્ભર બની પરિવારના આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે.

સંદેશ "મહિલાઓ આત્મનિર્ભર બનશે તો સમાજ મજબૂત બનશે."

## મહેનતથી કોઈપણ ક્ષેત્રમાં સફળતા શક્ય : આયુર્વેદિક ચિકિત્સા દ્વારા લોકોની સેવા

**–ડો. ખ્યાતિ ઠકરાર, આયુર્વેદાચાર્ય.**

મોરબીની સરકારી હોસ્પિટલમાં સેવા આપતા આયુર્વેદાચાર્ય ડો. ખ્યાતિ ઠકરાર જણાવે છે કે આયુર્વેદ માત્ર સારવાર નથી પરંતુ જીવનશૈલી છે. આયુર્વેદિક પદ્ધતિ દ્વારા ઘણા દર્દીઓને આરોગ્યલાભ મળી રહ્યો છે.

સંદેશ "કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવા માટે સતત મહેનત અને સમર્પણ જરૂરી છે."

# મોરબીમાં મહાનગરપાલિકા દ્વારા સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરેલ બોર્ડની કામગીરી પ્રગતિ હેઠળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શહેરની ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા તેમજ નાગરિકો અને શહેરમાં આગમન કરતા મુલાકાતીઓને વિવિધ મહત્વપૂર્ણ સ્થળો સુધી સરળતાથી માર્ગદર્શન ઉપલબ્ધ થાય તે હેતુસર દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરેલ દિશા નિર્દેશક બોર્ડ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.




આ યોજના હેઠળ શહેરના મુખ્ય માર્ગો, મહત્વપૂર્ણ ચોકડીયો, જાહેર ઉપયોગની સંસ્થાઓ, શાસકીય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ તેમજ અન્ય મહત્વપૂર્ણ જાહેર સ્થળોને ધ્યાનમાં રાખી દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરાયેલા આ બોર્ડ ટકાઉ હોવા ઉપરાંત શહેરના સૌંદર્યવર્ધનમાં પણ સહાયક સાબિત થશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાપન વધુ સુદ્રઢ બને તેમજ માર્ગ સુરક્ષા વધે તે માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તે અનુસંધાને દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવાની આ કામગીરી શહેરમાં વાહનવ્યવહારને સુવ્યવસ્થિત બનાવવામાં તથા નાગરિકોને માર્ગદર્શન સુલભ બનાવવા દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

હાલમાં શહેરના વિવિધ વિસ્તારોમાં દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે અને આગામી સમયમાં તબક્કાવાર શહેરના અન્ય મુખ્ય માર્ગો તથા વિસ્તારોમાં પણ આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતાં શહેરમાં માર્ગદર્શન વધુ સુલભ બનશે તથા ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થવાની અપેક્ષા છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ તથા નાગરિક સુવિધાઓમાં વધારો થાય તે માટે આવી જાહેરહિતની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે, તેમ ટ્રાફિક ટ્રાન્સપોર્ટ શાખાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં અંધશ્રદ્ધાના અંધકાર સામે વિજ્ઞાનનો ઉજાસ- નિર્શિવ ફાઉન્ડેશન દ્વારા ગોર ખીજડીયા શાળામાં અનોખો પ્રયોગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ગોર ખીજડીયા ગામની શાળામાં નિર્શિવ ફાઉન્ડેશન દ્વારા અંધશ્રદ્ધા દૂર કરવા માટે વૈજ્ઞાનિક પ્રયોગો આધારિત કાર્યક્રમ યોજાયો હતો. જાદુગર ડોલર ચુડાસમાએ વિવિધ કરતબો બતાવી તેના પાછળનું વિજ્ઞાન સમજાવી વિદ્યાર્થીઓને અંધશ્રદ્ધાથી દૂર રહેવા પ્રેરણા આપી.




આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના યુગમાં પણ સમાજના કેટલાક વિસ્તારોમાં અંધશ્રદ્ધાનો અંધકાર હજુ યથાવત જોવા મળે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભોળી જનતાને ચમત્કારના નામે છેતરતા ઢોંગી તત્વો સામે જાગૃતિ લાવવા માટે મોરબી નજીક ગોર ખીજડીયા ગામની શાળામાં નિર્શિવ ફાઉન્ડેશન દ્વારા એક અનોખો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાણીતા જાદુગર ડોલર ચુડાસમાએ વિવિધ કરતબોનું જીવંત પ્રદર્શન કર્યું હતું. સામાન્ય રીતે ધૂતારા અને ઢોંગી બાવાઓ દ્વારા ચમત્કારના નામે દર્શાવવામાં આવતા કરતબો જેમ કે મોઢામાં સળગતા કોલસા કે દેતવા મૂકવા, મૂર્તિને દૂધ પીવડાવવું, હથેળીમાં દીવા પ્રગટાવવા અને ધૂપ પર પાણી છાંટી તેને સળગાવી દેવો જેવા પ્રયોગો બતાવી તેની પાછળ રહેલું કેમિકલ સાયન્સ અને હાથચાલાકીનું રહસ્ય વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ સાથે અંધશ્રદ્ધાથી દૂર રહી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવવાની અપીલ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન નિર્શિવ ફાઉન્ડેશનના ફાઉન્ડર રોહન રાંકજા, આરતી રોહન, શ્રુતિ રાંકજા અને ભક્તિ મારવણીયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સી.આર.સી. શિરીષભાઈ રાંકજાએ પણ હાજરી આપી સંસ્થાની આ કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય પંકજભાઈ ઠોરીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષકમંડળે સહકાર આપ્યો હતો. જેમાં અશ્વિનભાઈ કાવર, સંજયભાઈ પડસુંબીયા, દર્શનાબેન સરડવા, સરસ્વતીબેન તારપરા, રમેશભાઈ હુંબલ, ભરતભાઈ કાંજીયા અને સરોજબેન સરડવાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારધારા વિકસે તેવા સંદેશ સાથે અંધશ્રદ્ધાથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# જામનગર ખાતે બે દિવસીય આયુર્વેદ ફૂડ એક્સપોનું આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**

નવોદિત અને અનુભવી યુવાઓને મળ્યું મંચ WHO GTMCની એક પ્રદર્શન ગેલેરીમાં વૈશ્વિક કક્ષાએ પરંપરાગત ચિકિતસાઓની માહિતી અને રોચક બાબતો પ્રદર્શિત.ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, જામનગર, આયુર્વેદમાં શિક્ષણ અને સંશોધન સંસ્થા, જામનગર "આયુરસવાદોત્સવ ૨૦૨૬"થી એક આયુર્વેદ આહાર-વાનગીને લગતો એક્સપો જામનગરની જનતા માટે ખુલ્લો મુકાયો છે. ધન્વંતરિ મેદાન ખાતે ITRA સવાદોત્સવ એક્સપોનું ઉદ્દઘાટન પ્રણામી ધર્મની આચાર્ય પીઠ શ્રી ૫ નવતનપુરી ધામના કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદગુરુ અનંત વિભૂષિત કૃષ્ણમણીજી મહારાજના વરદ હસ્તે થયું હતું અન્ય મહાનુભાવોમાં ભારત સરકારના ચીફ કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ, આરોગ્ય પરિવાર કલ્યાણના જસપાલ કૌર, ડૉ . જોગીન જોશી, ગુલાબકુંવરબા સોસાયટીના કીર્તિભાઈ ફોફરીયા, WHO GTMC ના ટેકનિકલ ઑફિસર ડૉ. વિનયકુમાર ઉપસ્થિત રહ્યાં હતા.



આઈ. ટી. આર. એ. ના ડાયરેક્ટર પ્રો. તનુજા નેસરી જણાવે છે કે ITRA ફાર્મસી શિક્ષણ વિભાગને ૨૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે ત્યારે ધન્વંતરિ મેદાન ખાતે એક એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આયુર્વેદના સિધ્ધાંતોને આધારે વિવિધ પ્રકારના ખાનપાનના વ્યંજનોનો લાભ મેળવી શકાશે સાથો સાથ ફાર્મસીના હાલના અને ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા આયુર્વેદ આધાર પર ઉત્પાદિત હર્બલ અને કોસ્મેટિક ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ પણ ઉપલબ્ધ છે. ૩૦ હજાર ફૂટ જગ્યામાં વિશાળ એ. સી. ડોમ અને ૩૨ પેગોડા (તંબુ)માં યોજાનાર આ આયુર્વેદ એક્સપોમાં ૫૨ જેટલા સ્ટોલ છે, ૧૫૦ પ્રકારની વિવિધ વાનગીઓ લોકોને સ્વાદ સ્વાસ્થ્યની દિવાનગી જગાવી રહી છે. લાઈવ ફૂડ આઈટમ, પેકેજ ફૂડ આઈટમ, સૂપ, સ્ટાર્ટર, આરોગ્યપ્રદ પીણાઓ, આયુર્વેદ રેસીપી, કોસ્મેટીક અને હેલ્થ પ્રોડક્ટ્સનો પણ એક અલગ વિભાગ છે જેમાં ITRAના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન કર્યું છે તેઓની ચીજવાસ્તુઓનું વેચાણ પણ ઉપલબ્ધ છે.આ એક્સ્પો ભારત સરકારના વિવિધ પ્રકલ્પ વોકલ ફોર લોકલ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા, વિકાસ ભી વિરાસત ભી, હર ઘર સ્વદેશી, સ્કીલ ઈન્ડિયાને અનુમોદન અને પીઠબળ સમાન સાબિત થશે. આ એક્સપોની મુલાકાત લેનાર સૌ કોઈને આયુર્વેદ આહાર વિહાર, ખાનપાન, સ્વસ્થ જીવનશૈલી, પ્રકૃતિ પરીક્ષણ, શ્રમ પરીક્ષણ કરી આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન WHO GTMCની એક પ્રદર્શન ગેલેરી તૈયાર કરવામાં આવી છે જયાં ગેલેરીમાં વૈશ્વિક કક્ષાએ પરંપરાગત ચિકિતસાઓની માહિતી અને રોચક બાબતો વિષે મુલાકાતીઓને WHO GTMC દ્વારા માહિતગાર કરવામાં આવી રહ્યાં છે. એક્સપોના સંયોજક તરીકે પ્રો. જોબન મોઢા જવાબદારી નિભાવી રહ્યાં છે.

# જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા દરમિયાન એક કોપી કેસ નોંધાયો

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા દરમિયાન એક કોપી કેસ નોંધાયો છે. યોજાયેલા બેઝિક મેથેમેટિક્સ.ગણિત. ના પેપરમાં લાલપુર સ્થિત એલ.એલ. મહેતા કન્યા વિદ્યાલય કેન્દ્ર પરથી એક વિદ્યાર્થિની દુપટ્ટામાંથી કાપલી સાથે ઝડપાઈ હતી.આ ઘટના એલ.એલ. મહેતા પરીક્ષા સ્થળ પર બની હતી. પરીક્ષા દરમિયાન સુપરવાઇઝર અને સ્થળ સંચાલકના ધ્યાને આવ્યું કે એક વિદ્યાર્થીની ચોરી કરી રહી છે. તપાસ કરતા તેના દુપટ્ટામાંથી કાપલીઓ મળી આવી હતી. જામનગર જિલ્લામાં કુલ ૧૪,૬૩૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.જામનગર જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતાએ આ અંગે જણાવ્યું હતું કે, લાલપુર કેન્દ્રની એલ.એલ. મહેતા શાળામાં પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થી કાપલી સાથે જોવા મળ્યો હતો. આ બાબત ધ્યાને આવતા તાત્કાલિક ધોરણે કોપી કેસ નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાની જાણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને પણ કરી દેવામાં આવી છે.બોર્ડની પરીક્ષામાં ચોરી જેવી પ્રવૃત્તિઓ રોકવા માટે તંત્ર દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. તેમ છતાં આ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નિયમ મુજબ, ઝડપાયેલી વિદ્યાર્થીની સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.




# જામનગરમાં ટાઉન હોલ ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના એમ.પી. શાહ ટાઉન હોલ ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ વિશેષ ઉપસ્થિત રહીને જનસેવાના આ વિશેષ પ્રકલ્પને ખુલ્લો મૂક્યો હતો.



કાર્યક્રમ દરમિયાન મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ટાઉન હોલ ખાતે તૈયાર કરવામાં આવેલા વિવિધ સરકારી વિભાગોના સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે આરોગ્ય તપાસ, આધાર કાર્ડ, રેશનકાર્ડ, આવકના દાખલા અને સામાજિક સુરક્ષાની વિવિધ યોજનાઓના સ્ટોલ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીએ સ્થળ પર જ ઉપસ્થિત અરજદારો સાથે વાતચીત કરી તેમની રજૂઆતો સાંભળી હતી અને યોજનાકીય લાભોનું વિતરણ કર્યું હતું.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમ એ વહીવટી તંત્રને લોકોના ઘર સુધી લઈ જવાનો એક સબળ પ્રયાસ છે. સામાન્ય નાગરિકને પોતાના નાના.મોટા કામો માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને એક જ સ્થળે તમામ પાયાની સેવાઓ મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે.મંત્રીએ ઉમેર્યું હતું કે, પારદર્શક વહીવટ અને ઝડપી નિકાલ એ વર્તમાન સરકારની કાર્યશૈલીની ઓળખ છે.તેમણે વધુમાં જણાવ્યું કે, સેવા સેતુના માધ્યમથી હજારો લોકોએ સ્થળ પર જ પોતાના પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું છે, જે લોકશાહીની સફળતા દર્શાવે છે.આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, કલેકટર કેતન ઠક્કર, ડે.કમિશનર ઝાલા સહિતના અધિકારીઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં "DRM ટ્રોફી" ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ

## ૧૧ વિભાગીય ટીમો વચ્ચે રમાશે ૨૮ રોમાંચક મેચો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝનમાં કર્મચારીઓ વચ્ચે પરસ્પર સમન્વય, ખેલદિલી અને બહેતર સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના નેજા હેઠળ આંતર-વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ " ટ્રોફી ૨૦૨૬" નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ મંડળ રેલ પ્રબંધક, રાજકોટ અને રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ ગિરિરાજ



કુમાર મીનાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ ડિવિઝન સ્પોર્ટ્સ એસોસિએશનના સચિવ અને વરિષ્ઠ મંડળ સંરક્ષણ અધિકારી આર.સી. મીણા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ ૬ માર્ચથી ૨૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન રાજકોટ સ્થિત રેલવે ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાઈ રહી છે. આ સ્પર્ધામાં રાજકોટ રેલવે ડિવિઝનના વિવિધ વિભાગો વાણિજ્ય, મિકેનિકલ, એન્જિનિયરિંગ, ઓપરેટિંગ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન, પર્સનલ, રેલવે સુરક્ષા દળ, ઇલેક્ટ્રિકલ, TRD (ઇલેક્ટ્રિફિકેશન) અને એકાઉન્ટ્સ વિભાગ ની કુલ ૧૧ ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટ દરમિયાન આ ટીમો વચ્ચે કુલ ૨૮ મેચો રમાશે.

આ વર્ષે DRM ટ્રોફી અંતર્ગત ક્રિકેટની સાથે ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ અને એથ્લેટિક્સ સ્પર્ધાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ રમતોમાં રેલવેના વિવિધ વિભાગોની ટીમો ભાગ લેશે અને તમામ સ્પર્ધાઓમાં મેળવેલા ગુણોના આધારે અંતે DRM ટ્રોફીના વિજેતા નક્કી કરવામાં આવશે.

ટુર્નામેન્ટની પ્રથમ મેચ મિકેનિકલ વિભાગ અને સિગ્નલ વિભાગની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં મિકેનિકલ વિભાગે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા મિકેનિકલ વિભાગની ટીમે ૧૫ ઓવરમાં ૯ વિકેટે ૧૧૧ રન બનાવ્યા હતા. લક્ષ્યાંકનો પીછો કરતા સિગ્નલ વિભાગની ટીમે શાનદાર પ્રદર્શન કરી ૧૨.૫ ઓવરમાં ૫ વિકેટે ૧૧૨ રન બનાવીને મેચ ૫ વિકેટે જીતી લીધી હતી. ટુર્નામેન્ટની સેમીફાઈનલ મેચ ૨૧ માર્ચ અને ફાઈનલ મેચ ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ રમાશે.

આ પ્રસંગે ડિવિઝનના અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# મોરબીમાં યુદ્ધને લઈને ઈંધણના અછત અંગેની અફવાઓ પાયાવિહોણી: પેટ્રોલિયમ એસો. પ્રમુખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ઈરાન-ઇઝરાયેલ યુદ્ધને લઈને સોશિયલ મીડિયા પર ફેલાતી પેટ્રોલ અને ડીઝલની અછત અંગેની અફવાઓને લઈ મોરબી ડિસ્ટ્રિક્ટ પેટ્રોલિયમ એસોસિએશનના પ્રમુખ વિનોદભાઈ ડાભીએ સ્પષ્ટતા કરી છે કે જીલ્લામાં ઈંધણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો યથાવત ચાલુ રહેશે. લોકોને ગભરાવવાની અને પંપ સ્ટેશનોએ બિનજરૂરી ભીડ ન કરવા અપીલ કરવામાં આવી છે.

તાજેતરમાં ઈરાન-ઇઝરાયેલ-અમેરિકા વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ ચાલુ હોય ત્યારે આ યુદ્ધને લઈને સોશિયલ મીડિયા પર પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ફેલાતી અફવાઓને પગલે મોરબી ડિસ્ટ્રિક્ટ પેટ્રોલિયમ એસોસિએશનના પ્રમુખ વિનોદભાઈ નાથાભાઈ ડાભીએ મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર ફરતા ઈંધણની અછત સંબંધિત સંદેશા સંપૂર્ણપણે પાયાવિહોણા છે. ઇન્ડિયન ઓઈલ દ્વારા પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો તથા વિતરણની વ્યવસ્થા સામાન્ય રીતે કાર્યરત છે. ઇન્ડિયન ઓઈલ દેશભરમાં સતત અને અવિરત ઈંધણ પુરવઠો જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

વિનોદભાઈ ડાભીએ જણાવ્યું હતું કે મોરબી જીલ્લામાં પેટ્રોલ અને ડીઝલનું વિતરણ નિયમિત રીતે ચાલુ રહેશે. લોકો સોશિયલ મીડિયા પર ફેલાતી ફેક મેસેજ અને અફવાઓ પર વિશ્વાસ ન કરે તેમજ ગભરાટમાં આવી પેટ્રોલ પંપ પર અનાવશ્યક ભીડ ન કરે. સાથે જ તેમણે લોકોને અપીલ કરી હતી કે જરૂરિયાત મુજબ જ પેટ્રોલ-ડીઝલ ખરીદવું અને બિનજરૂરી રીતે સ્ટોક કરીને જોખમ ન લેવું. સચોટ માહિતી માટે હંમેશા સત્તાવાર સ્ત્રોતો પર જ વિશ્વાસ રાખવો.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે તા.૯ થી ૧૫ સુધી સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૯/૩/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''હારમની મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૦/૩/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રાધે મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૧/૩/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''નાદ મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૨/૩/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''સીપરેજની મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૩/૩/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે "દુરસંચાર મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૪/૩/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રિધમ કરાઓકે ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૫/૩/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''યારના મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે.

તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, દીપકભાઈ પરમાર, પ્રફુલભાઇ સોનેની, ધનંજયભાઈ ઉપાધ્યાય, જગદીશભાઇ આશયાણી, સંજયભાઈ ઝાલા, સુનિલભાઈ જે. જાની તેમજ દિનેશભાઇ ધમલ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઉનાના પાલડી ગામે રૂ. ૧૦ લાખના ખર્ચે નવનિર્માણ થયેલ કોમ્યુનિટી હોલના કામની સમીક્ષા કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના પાલડી ગામે સાંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમા ની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલ રૂ. ૫ લાખ તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ રૂ. ૫ લાખઆમ કુલ રૂ. ૧૦ લાખના ખર્ચેનવનિર્માણ થયેલ કોમ્યુનિટી હોલના કામનું નિરીક્ષણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડએ કર્યું. ધારાસભ્યએ કોમ્યુનિટી હોલનું નિરીક્ષણ કર્યા બાદ આ કોમ્યુનિટી હૉલની જાળવણી કરવામાટે સરપંચતેમજ આગેવાનો અને ગ્રામજનોનેજણાવ્યું હતું. આ તકે તેઓની સાથે પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ વિરાભાઈ સોલંકી, સરપંચ મનુભાઈ વાઘેલા, પૂર્વ સરપંચ રાણાભાઈ, ગ્રામ પંચાયતના સદસ્યઓ, આગેવાનો, યુવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ગોધરા ચોક વિસ્તારમાં બે આરોપીઓનું રીકન્ટ્રકશન કરતી ઉના પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાના ગોધરા ચોક વિસ્તારમાં થોડા દિવસો પહેલા અસામાજિક તત્વો દ્વારા ફોરવીલૉ ઉપર પથ્થરોં મારોં કરી ગાડીઓના કાચ તોડ્યા હતા તેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જેને લઈને ઉના પોલીસ સક્રિય થઈ ગઈ હતી અને આરોપીની શોધ ખોળ કરવા કામે લાગી હતી આરોપીઓને ગણતરીની કલાકોમા બે આરોપીઓ નેઝડપી પાડ્યા અને તેને કાયદાનું ભાન કરાવ્યું ઉના પોલીસ દ્વારા ગોધરા ચોક વિસ્તારમાં આરોપીઓને લઈ જાય અને તેનો રિંકન્ટ્રક્શન કરવામાં આવ્યો હતો આરોપીઓને પોલીસે વ્યવસ્થિત રીતે કાયદાનું ભાન



કરાવ્યું હતું જેથી આવી કોઈ હિંમત ના કરે ઉના પોલીસે આજે બે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અને તેને જેલ લેહવાલે કર્યા છે ઉના પોલીસની સુંદર કામગીરી જોવા મળી છે

## શબ્દોની યાત્રા અને ટેકનેલોજીનો સંગમ

# રાજકોટમાં 'સાહિત્ય, પત્રકારત્વ અને એ.આઇ.' વિષયક 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાત પ્રેસ અકાદમી - ગાંધીનગર, પ્રાદેશિક માહિતી કચેરી - રાજકોટ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે કુલપતિ ડો. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં 'સાહિત્ય, પત્રકારત્વ અને એ.આઇ.' વિષયક 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત દરિમયાન ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવ જયેશ દવેએ જણાવ્યું હતું કે, સાહિત્ય હોય કે પત્રકારત્વ હોય કે પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ - બધાનું એક જ માધ્યમ 'શબ્દો' છે. આજનો 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ એ શબ્દોનું સર્જન કરવાનો એક વિનમ્ર પ્રયાસ છે, તેમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, જે પ્રજાની ભાષા બળવાન હોય તે પ્રજા ઉત્તમ સાહિત્યનું સર્જન કરી શકે. શ્રી જયેશ દવેએ આર્ટિફિ-શિયલ ઈન્ટેલિજન્સના નિર્માણનું શ્રેય માનવીને જ આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શબ્દોની યાત્રામાં મશીન જ્યાંથી અટકે ત્યાંથી માણસની જરૂરિયાત શરૂ થાય છે. સંવેદના જ એક એવી બાબત છે, જે માનવી અને મશીનને જુદાં પાડે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ વખતે માનવીય દેખરેખને અવગણવી ન જોઈએ, તેમ તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં એ.આઇ. પત્રકારત્વ ક્ષેત્રે અનિવાર્ય બની ગયું છે. એ.આઇ. ડેટા અને લાર્જ લેંગ્વેજ મોડલ્સ દ્વારા માહિતીને વિશ્લેષિત કરી ઝડપથી રજૂ કરીને લોકોને મદદ કરી રહ્યું છે. એ.આઇ. એ માત્ર સર્ચ એન્જિન નથી પણ એક બૌદ્ધિક સાધન છે, જેનો ઉપયોગ સતત વધતો જ રહેવાનો છે. કુલપતિએ જવાબદારી સાથેના પત્રકારત્વની અપીલ કરીને જણાવ્યું હતું કે, એ.આઇ. ગમે તેટલું શક્તિશાળી હોય, પણ તે માનવીય સંવેદના, વિવેકબુદ્ધિ અને નૈતિક નિર્ણયશક્તિનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં.

પ્રસિદ્ધ લેખક, કોલમિસ્ટ ધૈવત ત્રિવેદીએ વ્યક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, એ.આઇ. જેવી નવી ટેકનોલોજીનો ભય માનવીમાં સ્વાભાવિક રીતે રહે છે, પરંતુ એ.આઇ. સાહિત્યને ખતમ નહીં કરે શકે. એ.આઇ. માત્ર એવા લોકોનું સ્થાન લેશે, જેઓ યાંત્રિક અને બીબાંઢાળ રીતે લખવા ટેવાયેલા છે. ઉત્તમ લેખન અને સાહિત્ય સર્જન માટે જરૂરી એવો માનવીય ભાવ અને સંવેદના એ.આઇ. પાસે નથી.

સાહિત્યિક લેખનમાં એ.આઇ.ની મર્યાદાઓ સ્પષ્ટ કરતાં ધૈવત ત્રિવેદીએ જણાવ્યું હતું કે, એ.આઇ. પાસે ડેટાનો વિશાળ ભંડાર છે. તે પ્રતિષ્ઠિત લેખકો અમૃત ઘાયલ, ગુણવંત શાહ કે રમેશ પારેખના શબ્દોની નકલ કરીને ચોક્કસ માળખામાં રચનાઓ આપી શકે છે, પરંતુ ક્યા વિષય માટે કઈ શૈલી વાપરવી અને કથામાં ક્યાં અટકવું તે સર્જકનો નિર્ણય એ.આઇ. લઈ શકતું નથી. આ ટેકનેલોજિકલ પડકાર સામે ટકી રહેવા માટે ધૈવત ત્રિવેદીએ લેખનમાં સતત નવીનતા અને વૈવિધ્ય લાવવા પર સૌથી વધુ ભાર મૂક્યો હતો. માહિતી અને ડેટા એ માત્ર કાચી સામગ્રી છે; સર્જકે તેમાં પોતાની કલ્પનાશક્તિ અને લાગણીઓનો મસાલો ઉમેરીને તેને જીવંત બનાવવી પડે. અજાણ્યા પ્રદેશો કે વિષયોના સંશોધન અને માહિતી એકત્ર કરવા માટે એ.આઇ.નો ઉપયોગ અવગણી શકાય નહીં. જ્યાં સુધી લેખક પોતાની માનવીય ક્ષમતાઓને સતત વિસ્તારતો રહેશે અને સર્જનમાં મૌલિકતા જાળવી રાખશે, ત્યાં સુધી એ.આઇ. સર્જકનું સ્થાન ક્યારેય લઈ શકશે નહીં, તેમ ધૈવત ત્રિવેદીએ જણાવ્યું હતું.

સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયાની ઉપસ્થિતિ-માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. નાયબ માહિ-તી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શક્તિભાઈ મુંધવા અને હેમાલીબેન ભટ્ટે કર્યું હતું.

આ પ્રસંગે સિનિયર સબ એડિટર્સ સંદીપભાઈ કાનાણી અને વિરેન્દ્રસિંહ પરમાર, માહિતી મદદનીશ ભાવિકાબેન લીંબાસીયા, કમ્પ્યુટર ઓપરેટર વિરલભાઈ દલે રોહન, ગૂગલ દાદા, ચતુર ચેટ જી.પી.ટી. અને ગૂગલ જેમીનાઈનું પાત્ર ભજવીને મૌલિકતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લાભાલાભ અંગે હળવી શૈલીમાં નાટિકા ભજવીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. સાચી જોડણી, રૂઢિપ્રયોગનો અર્થ, કહેવતોની શબ્દપૂર્તિ જેવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતાં, વિજેતાઓને પ્રોત્સાહનરૂપે ભેટ અપાઇ હતી. વક્તાઓએ પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા.

આ તકે સૌરાષ્ટ્ર ઝોનના સહાયક માહિતી નિયામકો, કર્મચારીઓ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હિરાણી કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત BLC ઘટક માટે કેમ્પ (મેળા)નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રૂ. ૩ લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓ નવા મકાનના બાંધકામ માટે નોંધણી કરાવી શકે છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ બીએલસી (બેનીફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન) ઘટક માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રૂ. ૩ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા લાભાર્થીઓ ખુલ્લા પ્લોટ પર અથવા કાચા, અર્ધકાચા અને જર્જરિત મકાન તોડી સરકારના ધોરણ મુજબ નવા મકાનના બાંધકામ માટે ડીમાન્ડ સર્વેમાં નોંધણી કરાવી શકશે. આ યોજના હેઠળ એક નવા મકાનના બાંધકામ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૪ લાખની સહાય ચાર હપ્તામાં આપવામાં આવશે. કેમ્પ તા. ૦૬ માર્ચ ૨૦૨૬ના રોજ મોરબી મહાનગરપાલિકા ક્લસ્ટર-૦૯ કચેરી (જૂની શનાળા ગ્રામપંચાયત ઓફિસ) ખાતે અને તા. ૦૭ માર્ચ ૨૦૨૬ના રોજ ક્લસ્ટર-૧૦ કચેરી (જૂની રવાપર ગ્રામપંચાયત ઓફિસ) ખાતે સવારે ૧૦:૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાશે. આ કેમ્પનો લાભ લેવા મોરબી મહાનગરપાલિકા દ્વારા પાત્ર નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી મનપાની ફૂડ શાખા દ્વારા ૨૭ એકમોની સ્થળ તપાસ, ૧૬ વેપારીઓને નોટિસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં વિવિધ રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડરો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કુલ ૨૭ એકમોની તપાસ દરમિયાન ગંભીર બેદરકારી સામે આવતાં ૧૬ ખાદ્યપદાર્થના વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી અને અખાદ્ય તથા વાસી ખોરાકનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

મોરબી શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર ખાદ્યપદાર્થના વેપારીઓ સામે મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં ફૂડ સેફટી ઇન્સ્પેક્ટર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડર સહિત કુલ ૨૭ એકમોમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા બાબતે ગંભીર બેદરકારી સામે આવતાં ૧૬ વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી હતી. ઉપરાંત વાસી અને અખાદ્ય ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વાવડી રોડ પર આવેલ મોમાઈ ફાસ્ટફૂડમાંથી હાઈજીન જાળવવામાં બેદરકારી અને વધુ પડતો ફૂડ કલર



મળતા ખોરાકનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો તેમજ વાસી બટર પણ નાશ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોરબી બાયપાસ રોડ પર આવેલી કૃષ્ણ કેમેલી હોટેલમાંથી પણ વધુ પડતો ફૂડ કલર તથા એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયેલા ખાદ્ય પદાર્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

# જામનગરના સર્વાંગી વિકાસ માટે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને વિવિધ વિભાગો સાથે સંકલન બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને વન, પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને જામનગર જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા અને શહેરના વિકાસ કાર્યોની સમીક્ષા માટે વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સંકલન બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મંત્રીએ જામનગરના પ્રગતિ હેઠળના વિવિધ પ્રકલ્પોની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને વહીવટી તંત્રને સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.બેઠકની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું હતું કે, જામનગર શહેર અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત જામનગરના વિવિધ વિકાસ પ્રકલ્પો માટે માતબર રકમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરની ટ્રાફિક સમસ્યાના કાયમી નિવારણ માટે ફ્લાયઓવર બ્રિજ સહિતની કામગીરીમાં ગતિ લાવી તેને ઝડપથી પૂર્ણ કરવા મંત્રીએ સૂચના આપી હતી.

આ ઉપરાંત તેમણે ઐતિહાસિક ભુજીયા કોઠાનું પુનઃસ્થાપન અને એમ.પી. શાહ ટાઉનહોલના નવીનીકરણ જેવી સાંસ્કૃતિક વિર-ાસત જાળવવાની કામગીરીને બિરદાવી હતી.જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના વિકાસ અને જળ સુરક્ષા પર ભાર મૂકતાં મંત્રીએ જણાવ્યું હતું કે, સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ જિલ્લામાં વિવિધ કામો હાથ ધરવામાં આવશે, જેથી આગામી ચોમાસામાં જળસંચયની ક્ષમતામાં વધારો કરી શકાય.

જળ જીવન મિશન અને અમૃત ૨.૦ યોજના હેઠળ દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાની પ્રાથમિકતા પર મંત્રીશ્રીએ ભાર મૂયો હતો. સાથે જ આરોગ્ય ક્ષેત્રે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડો. શ્યામાપ્રસાદ મુખરજી શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રોની સેવાઓ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થયેલા આવાસોના લાભાર્થીઓને તમામ પાયાની સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા મંત્રીએ તાકીદ કરી હતી.આ સંકલન બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્યઓ રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા દ્વારા પોતપોતાના વિસ્તારના પડતર પ્રશ્નો અને વિકાસના કામો અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

મંત્રીએ આ તમામ રજૂઆતોને સાંભળી, તેના ત્વરિત નિરાકરણ લાવવા અને લોકહિતના કામોને પ્રાથમિકતા આપી તાકીદે હાથ ધરવા વહીવટી તંત્રને નિર્દેશો આપ્યા હતા.બેઠકના અંતે મંત્રીએ તમામ વિભાગો વચ્ચે સંકલન સાધીને વિકાસના કામોમાં પારદર્શિતા અને ગુણવત્તા જળવાય તે જોવા ઉપસ્થિત અધિકારીઓને આદેશ આપ્યા હતા.આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, જિલ્લા કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, અધિક નિવાસી કલેકટર શારદા કાથડ, ડે. મ્યુનિસિપલ કમિશનર ઝાલા તેમજ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રફાળેશ્વર ગામે જમવાના પૈસાની લેતીદેતી મામલે મિત્રોના હાથે મિત્રની હત્યા

## ધુળેટીના દિવસે માથાકૂટ બાદ નળીયા અને ટાઈલ્સથી હુમલો, સારવાર દરમિયાન યુવકનું મોત, બે સામે હત્યા અને એટ્રોસિટીનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામે જમવાના પૈસાની લેતીદેતી બાબતે થયેલી માથાકૂટમાં મિત્રોએ જ મિત્ર પર હુમલો કરતા ૩૩ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. બનાવ મામલે પોલીસે બે આરોપીઓ સામે હત્યા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી તાલુકાના રફાળેશ્વર ગામે જમવાના પૈસાની લેતીદેતી મામલે થયેલી માથાકૂટે ગંભીર સ્વરૂપ ધારણ કરતાં મિત્રોના હાથે મિત્રની હત્યાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ અંગે પોલીસે બે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ હત્યા તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. સમગ્ર હત્યાના બનાવ અંગે ફરિયાદી મૃતકની માતા દયાબેન જગદીશભાઈ ચૌહાણ ઉવ.૫૫ રહે. રફાળેશ્વર ગામે આંબેડકરનગર તા.જી.મોરબી વાળાનો પુત્ર ભરત ઉર્ફે જે.ડી ઉવ.૩૩ ધુળેટીના તહેવારના દિવસે તા.૪ માર્ચે સાંજે પોતાના મિત્રો ગોપાલ રણછોડભાઈ ઝાપડા અને પ્રદીપભાઈ કોળી સાથે રફાળેશ્વર સ્થિત કૈલાશ નળીયાના કારખાનાના ગ્રાઉન્ડમાં બેઠા હતા અને જમવાનો કાર્યક્રમ બનાવતા હતા. આ દરમિયાન જમવાના પૈસા બાબતે ત્રણેય વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં આરોપી ગોપાલે નળીયા વડે ખભાના ભાગે જ્યારે પ્રદીપે ટાઈલ્સના તીક્ષ્ણ ટુકડા વડે પેટના ભાગે ભરત ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત ભરત ઘરે પહોંચી ગયો હતો અને પછી તેની તબિયત બગડતા પરિવારજનોએ તેને મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન ભરત ઉર્ફે જે.ડી.નું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકની માતા દયાબેન ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે આરોપી ગોપાલ રણછોડભાઈ ઝાપડા અને પ્રદીપભાઈ કોળી બન્ને રહે.મોરબી વાળા વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૧૦૩(૧), ૫૪ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરમાં બેફામ કાર હંકારતા નબીરાઓને નાથવાની પોલીસે તાતી જરૂર

# કાલાવડ રોડ પર નબીરા કાર ચાલક દંપતિને હડફેટે લઈ થયો ફરાર

■ ધુળેટીની રાત્રે સર્ગભા પત્નીને બહાર લઈ જતા યુવાનના મોપેડને મહિલા કોલેજ અંડરબ્રિજમાં નંબર વગરની વર્ના કારના ચાલકે ઠોકરે ચડાવી અકસ્માત સર્જયોઃ માલવિયાનગર પોલીસમાં કાર ચાલક સામે ફરીયાદ






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રતિબંધિત ભારે વાહનો બેફામ પણે ચાલતા હોય જેના કારણે છાશવારે અકસ્માત સર્જાય છે અને માનવ જીંદગીનો ભોગ લેવાઇ રહ્યો છે અને શહેરના રાજમાર્ગો પર ધનકુબેરોના નબીરાઓ બેફામ પણે કાર હંકારી નિર્દોષ લોકોને અકસ્માતનો શીકાર બનાવી નાસી જવાની ઘટનાઓ ભૂતકાળમાં અનેકવાર પોલીસ ચોપડે ચડી હોય આવી એક ઘટના શહેરના મહિલા કોલેજ અંડરબ્રિજમાં ધુળેટીની રાત્રે બનવા પામી હતી. પોલીસનો ડર રાખ્યા વિના બેફામ પણે કાર ચલાવતા નબીરાએ સર્ગભા પત્નીને લઇ નિકળેલા યુવાનના ડબલ સવારી મોપેડને ઠોકરે ચડાવી ગંભીર ઇજા પહોંચાડી ફરાર થયાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાના પગલે માલવીયાનગર પોલીસમાં ફરીયાદ કરવામાં આવતા પોલીસે કાર ચાલક નબીરાની શોધખોળ શરૂ કરી છે.

આ ઘટનાની વિસ્તૃત માહિતી એવી છે કે, ધુળેટીના દિવસે શહેર આખુ રંગે રમી રહ્યું હોય અને કેટલાક સ્થળોએ પોલીસનું જાહેરનામું હોવા છતાં ધનકુબેરના નબીરાઓ પોલીસની અવગણના કરી જાહેરનામાનો ભંગ કરી ધુળેટીના તહેવારની ઉજવણી કરી રહ્યા હતા. તેવામાં રાત્રીના સમયે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રામાપીર ચોકડી પાસે રહેતા અને મુખ્ય સમાચાર પરિવારના સભ્ય રવિરાજસિંહ પરમાર અને તેમના સર્ગભા પત્ની બન્ને પોતાનું મોપેડ નંબર જીજે૦૩એનએલ૪૫૪૫ નંબરનું લઇ પોતાના ઘરેથી રાત્રીના ૧૧:૩૦ વાગ્યે રાજમંદિર જ્યુસ સેન્ટર ખાતે જ્યુસ પીવા જઈ રહ્યા હતા ત્યારે પતિ-પત્ની બન્ને મોપેડ પર ઇન્દીરા સર્કલથી કાલાવડ રોડના કોટેચા ચોક થઇ અંડરબ્રિજ પાસ કરી રહ્યા હતા તે દરમ્યાન એક કાળા કલરની નંબર પ્લેટ વગરની વર્ના કારમાં કોઇ અજાણ્યો ધનકુબેરનો નબીરો બેફામ પણે કાર ચલાવી મોપેડને પાછળથી હડફેટે લઇ સર્ગભા મહિલા અને તેના પતિ રવિરાજસિંહ પરમારને રસ્તા પર પછાડી દઇ ગંભીર ઇજા પહોંચાડી નબીરો પોતાની નંબર વગરની કાળા કલરની વર્ના કાર પુરપાટ ઝડપે હંકારી નાસી ગયો હતો. આ ઘટનાના પગલે રાત્રીના સમયે અન્ય વાહન ચાલકો થંભી ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા રવિરાજસિંહ પરમાર અને તેમના સર્ગભા પત્નીને તાત્કાલીક સારવારમાં ખસેડવા માટે ૧૦૮ને જાણ કરી હતી. પરંતુ ૧૦૮ને પહોંચવામાં સમય લાગતા આ ઇજાગ્રસ્ત પતિ-પત્નીને લોહીલુહાણ હાલતમાં રીક્ષામાં બેસાડી સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના અંગે માલવીયાનગર પોલીસ મથકે જાણ કરવામાં આવતા પીઆઇ જે.આર.દેસાઇ અને અન્ય પોલીસ સ્ટાફે ઇજાગ્રસ્ત યુવાનની ફરીયાદ નોંધી સીસીટીવી ફૂટેઝ તપાસવાની કામગીરી શરૂ કરી બેફામ પણે કાર હંકારી દંપતીને હડફેટે લેનાર વર્ના કાર ચાલક નબીરાની શોધખોળ શરૂ કરી છે.



# મવડીની લક્ષ્મણ ટાઉનશીપમાં પ્રેમિકાને મળવા ગયેલા યુવકનું ચોથા માળેથી પટકાતા મોત

પતિ અચાનક આવી જતાં પકડાઈ જવાના ડરથી ભાગવા જતાં યુવક નીચે ખાબક્યો હોવાની શંકા : ૩૫ વર્ષીય યુવકના મોતથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલી લક્ષ્મણ ટાઉનશીપમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં મેટોડા ખાતે રહેતા અને ડ્રાઈવિગ કરી ગુજરાન ચલાવતા ૩૫ વર્ષીય યુવકનું ચોથા માળેથી નીચે પટકાતા મોત નીપજ્યું છે. આ બનાવમાં પ્રેમપ્રકરણ કારણભૂત હોવાની પ્રાથમિક વિગતો પોલીસ તપાસમાં સપાટી પર આવી રહી છે.

ઘટનાની વિગત મુજબ, મવડી ૮૦ ફૂટ રોડ પર આવેલી આવાસ યોજનાની લક્ષ્મણ ટાઉનશીપમાં એક અજાણ્યો યુવાન નીચે પટકાયો હોવાની જાણ ૧૧૨ નંબર પર કરવામાં આવી હતી. જેથી૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ ગંભીર ઈજાઓને કારણે યુવકનું ત્યાં જ મોત નીપજ્યું હતું. મૃતક યુવકના પગમાં બુટ કે ચપ્પલ પણ નહોતા, જે દર્શાવે છે કે તે ખૂબ જ ઉતાવળમાં કે કોઈના ડરથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

પોલીસના પ્રાથમિક સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, મૃતક મનિષ રમણિકભાઈ ધોળકીયા ઉંમર ૩૫ લક્ષ્મણ ટાઉનશીપમાં રહેતી તેની પ્રેમિકાને મળવા માટે રાત્રિના સમયે ગયો હતો. દરમિયાન મહિલાનો પતિ અચાનક ઘરે આવી જતાં પકડાઈ જવાની બીકે મનિષે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને ધમાચકડીમાં તે ચોથા માળેથી નીચે પટકાયો હોવાનું અનુમાન છે. જોકે, આ ઘટના અકસ્માત છે કે કોઈએ ધક્કો માર્યો છે તે બાબતે હજુ રહસ્ય અકબંધ છે.

રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ. હરીપરાએ બનાવની ગંભીરતા જોઈ તપાસ પીએસઆઈ કે.એચ. કારેણાને સોંપી છે. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસને મૃતક પાસેથી મળી આવેલા દસ્તાવેજોના આધારે તેના પરિવારનો સંપર્ક કર્યો હતો. મનિષ મૂળ કાલાવડનો વતની હતો અને હાલ મેટોડામાં પત્ની તથા એક પુત્ર અને એક પુત્રી સાથે રહેતો હતો. પિતાના અચાનક મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવને લઈને પોલીસ ફોરેન્સિક રિપોર્ટ અને આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ મોબાઈલ લોકેશનના આધારે સત્ય શોધવા મથામણ કરી રહી છે.

# સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવી કથિત પોલીસમેનનું યુવતી પર દુષ્કર્મ

■ પોતે અપરિણીત હોવાનું કહી લગ્નનો વાયદો કર્યા બાદ પાંચેક વખત કુકર્મ ગુજારી સંપર્ક તોડી નાખ્યોઃ યુવતીએ તપાસ કરતાં યુવક પરિણીત નીકળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રેલનગર વિસ્તારમાં કથિત પોલીસમેને ફેસબુકના માધ્યમથી યુવતી સાથે સંપર્ક કેળવ્યા બાદ લગ્નની લાલચ આપી પાંચેક વખત દુષ્કર્મ ગુજારી સંપર્ક તોડી નાખતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે ની માહિતી મુજબ મુળ મધ્યપ્રદેશની અને હાલ રાજકોટમાં ભાડાના મકાનમાં રહીને નોકરી કરતી ૩૮ વર્ષીય યુવતીનો આઠ મહિના પહેલાં અમિતસિંગ પ્રભાતસિંગ ચૌહાણ (રહે.રાજકોટ) સાથે ફેસબુકના માધ્યમથી સંપર્ક થયો હતો. અમિતસિંગે યુવતીને ફેસબુક રિકવેસ્ટ મોકલી હતી જે યુવતીએ સ્વીકારતાં બન્ને વચ્ચે થોડો સમય ફેસબુક ઉપર વાત થયા બાદ એકબીજાના નંબરની આપ-લે થઈ હતી.

બન્ને વચ્ચે સંબંધ વધુ ગાઢ બનતો ગયો હતો. આ સમયે અમિતસિંગે યુવતીને પોતે અપરિણીત હોવાનું અને તેની સાથે લગ્ન કરશે તેવા વાયદાઓ કર્યે રાખતા હતા.

આ દરમિયાન તેણે યુવતીના ઘેર આવી શરીરસંબંધ બાંધ્યો હતો. જો કે અચાનક જ અમિતસિંગે યુવતી સાથે સંપર્ક તોડી નાખતાં યુવતીએ તેની શોધખોળ આદરી પોતાની રીતે તપાસ કરતા અમિતસિંગ પરિણીત હોવાનું ધ્યાન પર આવ્યું હતું. વળી, યુવતી સાથે જ્યારે તે વાતચીત કરતો હતો ત્યારે પોતે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ હોવાનો દાવો પણ કર્યો હોય પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

હાલ પ્ર.નગર પોલીસ પાસે માત્ર આરોપીનું નામ અને મોબાઈલ નંબર તેમજ ફેસબુક આઈડી જ ઉપલબ્ધ હોય તેના આધારે તપાસ શરૂ કરી શોધખોળ ચાલી રહી છે.

# રૂખડીયાપરાની સગીરાનું અપહરણ કરનાર શખ્સ પશ્ચિમ બંગાળથી ઝડપાયો

આરોપી વિરુદ્ધ પોક્સો, દુષ્કર્મની કલમોનો ઉમેરો કરતી પ્ર.નગર પોલીસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૂખડીયાપરા વિસ્તારમાંથી ત્રણ માસ પૂર્વે ભેદી રીતે ગુમ થયેલી ૧૪ વર્ષીય સગીરાને પશ્ચિમ બંગાળ ખાતેથી શોધી લેવાઈ હતી. પ્ર.નગર પોલિસે સગીરાનું અપહરણ કરી જનાર શખ્સની ધરપકડ કરી ફરિયાદમાં દુષ્કર્મ-પોક્સો એક્ટ સહીતની કલમોનો ઉમેરો કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી. વિગતો મુજબ, તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ રૂખડીયાપરાની ૧૪ વર્ષીય સગીરા પોતાની બેહેનના ઘરે જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ ભેદી રીતે ગુમ થઈ જતાં સગીરાની માતાએ પ્ર.નગર પોલિસ મથકમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા શરીર સંબંધિત અને મિલકત સંબંધિત ગુનાઓ ડિટેક્ટ કરવા આપવામાં આવેલી સૂચનાને પગલે પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવાની રાહબરીમાં અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવા માટે પીએસઆઈ જે.બી.રાણીંગાની ટીમે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન રિસોર્સથી ચોક્કસ હકીકત મેળવી પશ્ચિમ બંગાળના પૂર્બ બર્ધમાન જિલ્લાના બોરા ગામ ખાતેથી અપહરણ કરનાર આરોપી રાજેશ મહાદેબ સંતરાની ધરપકડ કરી સગીરાને મુક્ત કરાવી પરિવારના હવાલે કરી હતી.

વધુમાં રાજેશ સંતરાએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યાની ખરાઈ થતાં પોલીસે અપહરણના ગુનામાં દુષ્કર્મ અને પોક્સો એક્ટની કલમોનો ઉમેરો કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ સગીરા એક કારખાનામાં મજૂરી કરવા જતી હતી ત્યારે તેનો પરિચય રાજેશ સંતરા સાથે થતાં બંને વચ્ચે મિત્રતા બંધાઈ હતી. જે બાદ રાજેશ સગીરાને લગ્નની લાલચ આપી પશ્ચિમ બંગાળ ખાતે ભગાડી ગયો હતો.

# બે મહિનાથી કામ ધંધો ન ચાલતા સોની વેપારીનો આપઘાત

ન્યારા ગામના પાટિયે એસીડ પીતા મોતઃ પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જામનગર રોડ પર વ્હોરા સોસાયટીમાં રહેતા સોની વેપારીને છેલ્લા બે મહિનાથી કામ ન મળતા તે આર્થિક ભીંસમાં મુકાયા હતા અને જેને કારણે તેઓએ ન્યારા ગામના પાટીયા પાસે એસિડ પી લઈ આપઘાત કરી લીધો હતો.

આ અંગેની વિગતો મુજબ, જામનગર રોડ માધાપર ચોકડી પાસે વ્હોરા સોસાયટીમાં રહેતાં હિરનભાઈ જગજીવનભાઈ ધકાણ (ઉ.વ.૪૯) નામના વેપારીએ ન્યારા ગામના પાટીયા પાસે ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છ્વાઈ ગયો છે. ધંધામાં મંદી આવવાને કારણે આર્થિક ભીંસ ઉભી થતાં આ પગલુ ભર્યાનું ખુલ્યું છે.

જાણવા મળ્યા મુજબ વ્હોરા સોસાયટીમાં રહેતાં હિરેનભાઈ ધકાણે સવારે પડધરી નજીક ન્યારાના પાટીયા પાસે જઈ એસિડ પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા હિરેનભાઈ સોની બજારમાં સોનાના ઘરેણા બનાવવાનું કામ કરતાં હતાં. પણ બે મહિનાથી કામધંધો ચાલતો ન હોઈ તેના કારણે આર્થિક ભીંસ ઉભી થતાં આ પગલુ ભર્યું હતું. આપઘાત કરનારા હિરેનભાઈ એક બહેનથી મોટા હતાં. સંતાનમાં એક દિકરી છે. બનાવથી પરિવારમાં શોક છ્વાઈ ગયો છે.

# ખીરસરા-મોટાવડા રોડ પર કાર હડફેટે બાઈક સવાર બંધુ ઘવાયાઃ એકનું મોત

લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત ફરતા અકસ્માત સર્જી ચાલક કાર મુકી નાસી ગયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના ખીરસરા અને મોટાવડા વચ્ચેના રસ્તા પર કારના ચાલકે બાઇકને ઉલાળતાં મોટાવડાના ખેડુત વૃધ્ધનું મોત થયું છે. જ્યારે તેમના કુટુંબીભાઇનો નજીવી ઈજા સાથે બચાવ થયો છે. બંને ભાઈઓ ખીરસરા નજીક સાત હનુમાન મંદિર પાસે સગાનો લગ્ન પ્રસંગ હોઈ તેમાં હાજરી આપી ઘરે આવી રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો.

જાણવા મળ્યા મુજબ મોટાવડા ગામે રહેતાં અરવિંદભાઈ વાઘજીભાઈ પાંભર(ઉ.વ.૬૫) અને તેના કુટુંબી ભાઈ જીવનભાઈ નરસીભાઈ પાંભર (ઉ.વ.૭૦) બંને હોન્ડા પર બેસી ખીરસરા નજીકના સાત હનુમાન મંદિર પાસે સગાનો લગ્નપ્રસંગ હોઈ તેમાં જમણવારમાં હાજરી આપવા ગયા હતાં. ત્યાંથી પરત ફરતી વખતે સાંજેસાડા આઠેક વાગ્યે ખીરસરા-મોટાવડા વચ્ચેના રસ્તા પર હતાં ત્યારે એક કારના ચાલકે બાઈકને ઠોકરે લેતાં બંને ભાઈઓ ફંગોળાઈ ગયા હતાં. કારમાં પણ ભારે નુકસાની થઈ હતી. અકસ્માતમાં જીવનભાઈ પાંભરનો નજીવી ઈજા સાથે બચાવ થયો હતો. જ્યારે અરવિંદભાઈ પાંભરને ગંભીર ઈજાઓ થતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું મૃત્યુ થતાં મેટોડા પોલીસને જાણ કરી હતી. પોલીસે કાર મુકી ભાગી ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે. મૃત્યુ પામનાર અરવિંદભાઈ પાંભર ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ ચાર ભાઈ અને એક બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં એકદિકરો અને એકદિકરી છે. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છ્વાઈ ગયો છે.

# યાજ્ઞિક રોડ પર બંધ મકાનના ફળિયાના કચરામાં લાગી આગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પૂજારા ટેલિકોમ પાસે બાલાજી ઘૂઘરાની સામે બંધ મકાનની બહારની સાઈડમાં કચરો જમા થતા કોઈ કારણોસર આગ લાગી હતી. એક જાગૃત નાગરિક દ્વારા સમગ્ર ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી.

બનાવની જાણ થતાની સાથે જ મુખ્ય ફાયર સ્ટેશનનો સ્ટાફ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર વિભાગની ટીમ દ્વારા સતત ૧૦ થી ૧૫ મિનિટ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ બનાવમાં કોઈપણ પ્રકારની જાનહાનિ થયેલ નથી. ઘટના સ્થળે પી.સી.આર વાન સાથે પોલીસ સ્ટાફ હાજર રહેલ. આ તકે ફાયર વિભાગના ભીખુભાઈ, જયસુખભાઈ, શૈલેષભાઈ, કેતનભાઈ, શિવભદ્રસિંહ અને રાકેશભાઈ સંજયભાઈ, સંદીપભાઈ, ગોહિલ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# રેસકોર્ષ પાસેથી ધોળે દિવસે બાળકીને ઉઠાવી જવાનો પ્રયાસ

માતા સહિતના સ્થાનિકોએ મહિલાને ઝડપી પોલીસને સોંપી : પૂછપરછ શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેસકોર્સ રિંગ રોડ પર મજૂરી કામ કરતા અને રમકડાં વેચીને ગુજરાન ચલાવતા એક પરિવારની ૫ વર્ષની માસૂમ બાળકી પાસે એક અજાણી મહિલા આવી હતી. બાળકીની માતા બીનાબેનના જણાવ્યા અનુસાર, તે જ્યારે પોતાનો વેપાર કરી રહ્યા હતા ત્યારે આ મહિલાએ તેમની દીકરીને ખાવાની લાલચ આપી હતી. મહિલા પાસે એક થેલી હતી જેમાં ધાણી, ભૂંગળા અને અન્ય નાસ્તો હતો. આ નાસ્તો બતાવીને મહિલાએ બાળકીને પોતાની પાસે બોલાવી અને અચાનક તેનો હાથ પકડી લઈ જવા કોશિશ કરી હતી.

બાળકીએ ગભરાઈને બૂમાબૂમ કરવાનું શરૂ કરતા પોતે દોડી ગયા હતા. બાદમાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. બીનાબેને જણાવ્યું કે, મેં જ્યારે મારી દીકરીને છોડાવવા પ્રયાસ કર્યો ત્યારે તે મહિલા કહેવા લાગી કે આ તો મારી દીકરી છે. આ સાંભળીને આસપાસના શ્રમિકો અને રાહદારીઓ પણ એકઠા થઈ ગયા હતા. આ મહિલાની હિલચાલ શંકાસ્પદ જણાતા લોકોએ તેને પકડી રાખી હતી. અને બાદમાં પોલીસ આવતા તેણીને પોલીસના હવાલે કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, હાલમાં રેસકોર્સ ખાતેથી ઝડપાયેલી મહિલાની પોલીસે અટકાયત કરી છે. હાલ પોલીસે તપાસ કરતા તેમની પાસેથી ગીર સોમનાથ જિલ્લાના એનક ડોક્યુમેન્ટ મળી આવ્યા હતા..હાલ મહિલાની માનસિક સ્થિતિ અને તેના ભૂતકાળના રેકોર્ડની તપાસ કરવામાં આવી રહી હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

ડીસીપી બાંગરવાએજણાવ્યુ હતું કે પોલીસની તપાસમાં બાળકોના અપહરણની કોઈ સત્તાવાર ગેંગ સક્રિય હોય તેવું બહાર આવ્યું નથી. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ અને ભ્રમથી દૂર રહેવા તાકીદ કરી હતી.

# દારૂના ગુનામાં બે બુટલેગરો પાસામાં ધકેલાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના દારૂના ગુનામાં સામેલ વધુ બે શખ્સોને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસા તળે જેલમાં ધકેલી દીધા છે. માજોઠીનગર-૧ દૂધસાગર રોડ પર રહેતાં રજાક ગુલાબભાઈ નોતીયાર (ઉ.વ.૨૭) અને સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક ક્રોસમોસ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧૦૩માં રહેતાં દર્પણકુમાર મનસુખલાલ મણવર (ઉ.વ.૪૦)ને અમદાવાદ જેલ હવાલે કરાયા છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રઝાક નોતીયાર વિરૂધ્ધ અગાઉ ડીસીબીમાં બે અને કુવાડવા પોલીસમાં એક મળી દારૂના ત્રણ ગુના તથા દર્પણ મણવર વિરૂધ્ધ ગાંધીગ્રામમાં બે, તાલુકા અને માલવીયામાં એક-એક મળી ચાર દારૂના ગુના નોંધાયા હતાં. આ બંનેને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયાની રાહબરીમાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી બસીયાના માર્ગદર્શનમાં (ધાર કરવામાં આવી હતી. જેને પોલીસ કમિશનર ઝાએ મંજુર કરી હતી.

વોરન્ટ બજવણી પીઆઈ એમ. આર. ગોંડલીયા, પીઆઈ એમ.એલ. ડામોર, પીઆઈ સી. એચ. જાદવ, પીએસઆઈ એસ. વી. ચુડાસમા, એએસભાઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, અનીલભાઈ સોનારા, હેડ કોન્સ.કનકસિંહ સોલંકી, ગિરીરાજસિંહ જાડેજા, કોન્સ. હરપાલસિંહ જાડેજા, રાજશેભાઈ ચાવડાએ કરી હતી.